# સ્પોટ ફિક્સિંગમાં શ્રીનિવાસનને ક્લીનચીટ

નવી દિલ્હી,તા.૧૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલામાં તપાસ કરી રહેલી જસ્ટીસ મુડગલ કમીટીએ આઈસીસીના ચેરમેન અને બીસીસીઆઈના ભૂતપૂર્વ વડા એન શ્રીનિવાસનને ક્લીનચીટ આપી દીધી છે. કમીટીએ સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે, શ્રીનિવાસન ફિક્સિંગમાં સામેલ રહ્યા નથી. પરંતુ તેમના જમાઈ ગુરુનાથ મયપ્પન અને રાજસ્થાન રોયલ્સના માલિક રાજ કુંદ્રાના સંબંધ સટોડિયાઓ સાથે રહ્યા છે. સુપ્રીમ કોર્ટને સોંપવામાં આવેલા તપાસ અહેવાલમાં જસ્ટીસ મુડગલ કમીટીએ કહ્યું છે કે, આઈસીસી ચેરમેન અને પૂર્વ બીસીસીઆઈ પ્રમુખ શ્રીનિવાસનના સટોડિયાઓ અને સ્પોટ ફિક્સિંગમાં કોઈપણ સંબંધ રહ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈપીએલમાં સ્પોટ ફિક્સિગ મામલામાં ફસાયેલા વિંદુ દારાસિંહે



શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ મયપ્પનનું નામ આપ્યું હતું ત્યારબાદ ચેન્નઈ સુપર કિંગ્સના માલિક શ્રીનિવાસન પણ શંકાના ઘેરામાં આવી ગયા હતા. રિપોર્ટમાં જણાવ્યા મુજબ, શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ મયપ્પન પણ સટ્ટાબાજી કરી રહ્યા હતા. અલબત્ત ફિક્સિંગમાં તેમની કોઈ ભૂમિકા દેખાઈ નથી. એવું પણ જાણવા મળ્યું છે કે, તેઓ ચેન્નાઈ સુપરકિંગ્સ સાથે સત્તાવાર રીતે જોડાયેલા હતા. આઈપીએલ ટીમ રાજસ્થાન રોયલ્સના માલિક અને અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાના સાંબંધ બુકીઓ સાથે હોવાનું જાણવા મળ્યું છે. એવું જાણવા મળ્યું છે કે, રાજકુંદ્રા માત્ર સટોડિયાઓના સંપર્કમાં ન હતા બલ્કે મેચો પર સતત સટ્ટો પણ લગાવી રહ્યા હતા.

રિપોર્ટમાં ક્રિકેટ વહીવટીકાર સુંદર રામનનું નામ પણ શંકાના ઘેરામાં આવ્યું છે. આમાં જણાવાયું છે કે, સુંદર રામન એક સટોડિયાથી સાંબંધ ધરાવનાર શખ્સને ઓળખતા હતા અને એક સિઝનમાં આઠ વખત સંપર્ક કરવામાં આવ્યો હતો. આઈપીએલ-૨૦૧૩માં ફિક્સિંગના આક્ષેપોમાં તપાસ કરનાર જસ્ટીસ મુડગલનું કહેવું છે કે, શ્રીનિવાસનની સંડોવણી નથી. ૧૩ વ્યક્તિગતો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલા શ્રીનિવાસન અંગે વાત કરતા જણાવાયું છે કે, આ વ્યક્તિગત મેચ ફિક્સિંગની પ્રવૃત્તિમાં સામેલ નથી. જોકે, એવું જણાવવામાં આવ્યું છે કે, શ્રીનિવાસન આચારસંહિતા ભંગથી વાકેફ હતા. બીસીસીઆઈના અન્ય ચાર અધિકારીઓ પણ વ્યક્તિગતો દ્વારા ખેલાડીઓની આચારસંહિતાના ભંગથી વાકેફ હતા પરંતુ અધિકારીઓ તરફથી ત્રણ વ્યક્તિઓ સામે કોઈ પગલા લેવાયા નહતા. સુપ્રીમ કોર્ટ દ્વારા સુચના આપવામાં આવ્યા બાદ ૧૩ લોકોના નામમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં શ્રીનિવાસન ઉપરાંત ગુરુનાથ મયપ્પન, રાજ કુંદ્રાનો સમાવેશ થાય છે.

## ફુડ સબસિડી : કેશ ટ્રાન્સફરથી વર્ષે ૩૦,૦૦૦ કરોડ બચાવશે

નવી દિલ્હી,તા. ૧૭

સરકારી ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં વ્યાપક સુધારા હાથ ધરવા માટે રચવામાં આવેલી પેનલના ચેરમેન શાંતા કુમારે દાવો કર્યો છે કે ફુડ સિક્યુરિટી એક્ટ હેટળ ગરીબ લોકોને સબસિડીના દરે અનાજ આપવાના બદલે શરતી રોકડ ટ્રાન્સફરના લીધે વાર્ષિક ઓછામાં ઓછા ૩૦૦૦૦ કરોડ બચાવી શકાય છે. કુમારે કહ્યું હતું કે શરતો સાથે રોકડ ટ્રાન્સફરને જોડી દેવાની બાબત ઉપયોગી છે. આ સ્કીમ હેટળ લાભ મેળવનાર દરેકને સરકારી સમર્થન મળે તે માટે શરત જરૂરી છે. આ શરતોમાં ટોઈલેટ નિર્માણ જેવી બાબતનો પણ સમાવેશ થાય છે. કુમારે એક અગ્રણી અગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે પ્રધાનમંત્રી જન ધન યોજના મારફતે દેશમાં દરેકના બેક ખાતા ખુલી જશે. જેથી રોકડ ટ્રાન્સફરની બાબત વધુ સરળ બની જશે. જેથી લીકેજ અતવા તો ડાઈવર્ઝનની કોઈ જગ્યા રહેશે હી.. વિશાળ સરકારી ફુડ પ્રાપ્તિ કરનાર એફસીઆઈ, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશન એજન્સીને અસરકારક બનાવી દેવામાં આવનાર છે. નરેન્દ્ર મોદી સરકાર તમામ પગલા લઈ રહી છે. સબસિડી ટાર્ગેટવાળા લોકો સુધી પહોંચે તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આયોજન પંચના અહેવાલનો ઉલ્લેખ કરતા પૂર્વ ખાદ્યાન પ્રધાને કહ્યું હતું કે ૪૦-૪૫ ટકા ગરીબ લોકોને સબસિડીના દરે અનાજનો જથ્થો હજુ મળી રહ્યો નથી. શાંતા કુમાર અટલ બિહારી વાજપેયી સરકારમાં પ્રધાન તરીકે હતા. તેમની કામગીરી એ વખતે પણ અસરકરાક રહી હતી. ગરીબ લોકો અને ખેડુતોની મદદ કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમારા ખેડુતોને હાલમાં ૭૩૦૦૦ કરોડની સબસિડી અપાઈ રહી હોવા છતાં ખેડુતોને આત્મહત્યા કરવી પડી રહી છે જે ચિંતાજનક બાબત છે. આ સભ્યોની પેનલ એફસીઆઈની ઓપરેશનલ અસરકારકતા અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટને સુધારવાના હેતુસર સુચન કરવા કરાઈ હતી. આ ઉપરાંત એમએસપી ઓપરેશનમાં ભૂમિકાને વધુ વ્યવસ્થિત બનાવવા તેને કહેવામાં આવ્યું હતું. કુમારનું કહેવું છે કે, પેનલ દ્વારા વિવિધ પાસામાં ચકાસણી થઈ ચુકી છે.

## ભવિષ્યમાં શિવસેનાથી ભાજપ આશા રાખે નહીં

મુંબઈ,તા. ૧૭

શિવસેનાએ આજે ભાજપ સાથે નજીકના સંબંધ રાખવાનો ઈન્કાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, શાસક પાર્ટીએ લોકોની આશા ઉપર પાણી ફેરવી દીધું છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિશ્વાસ મત દરમિયાન જે કંઈપણ બનાવ બન્યા તેનાથી લોકોને આઘાત લાગ્યો છે.

પક્ષના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં શિવસેનાનું કહેવું છે કે, ભાજપ સાથે વિધાનસભાની ચુંટણી દરમિયાન શું થયું અને અમારી નબળાઈ શું રહી તેને લઈને વિચારણા કરવાની જરૂર નથી પરંતુ ચુંટણી બાદ જે કંઈપણ ઘટનાક્રમ બન્યા તેનાથી અમને દુ:ખ છે. મહારાષ્ટ્રમાં લોકોને ગેરમાર્ગે દોરાયા છે. તંત્રી લેખમાં એમપણ જણાવાયું છે કે ભાજપે ભવિષ્યમાં શિવસેના તરફ આશા રાખવી જોઈએ નહીં. સેનાએ એમપણ કહ્યું છે કે, ભાજપ કોંગ્રેસ અને એનસીપી કરતા પણ વધુ લોકોને ગેરમાર્ગે દોરે છે. છેલ્લા ૧૫ વર્ષમાં કોંગ્રેસ અને એનસીપી દ્વારા લોકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો. ભાજપે પણ હવે આવી જ નીતિ અપનાવી છે. લોકોએ ચુંટણીમાં પરિવર્તન માટે મત આપ્યા હતા પરંતુ લોકોની અપેક્ષા અધુરી રહી છે. કારણકે ભાજપે એનસીપીના ટેકાથી સરકારની રચના કરી છે. વિકાસની આશા દેખાતી નથી. સામનામાં જણાવાયું છે કે, મહારાષ્ટ્રના વિકાસ માટે મત આપવા લોકોને તક મળી હતી. કારણકે કોંગ્રેસે વર્ષોથી શાસન કર્યું હતું પરંતુ કોઈ કામ થયું નહતું. ૬૩ ધારાસભ્યોના સંખ્યાબળ સાથે પણ મહારાષ્ટ્રની પ્રગતિમાં સતત કામ કરવા શિવસેનાએ ખાતરી આપી છે.

## ફડનવીસ કેબિનેટનુ આગામી સપ્તાહમાં જ વિસ્તરણ થઈ શકે

નાગપુર,તા. ૧૭

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ કેબિનેટનુ આગામી સપ્તાહમાં વિસ્તરણ કરવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યપ્રધાન ફડનવીસે પોતે આ અંગેની જાહેરાત કર્યા બાદ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા છે. સાથે સાથે કેબિનેટમાં સ્થાન મેળવવા માટે ભાજપમાં જોરદાર લોબી પણ ચાલી રહી હોવાના અહેવાલ મળ્યા છે. ફડનવીસે સાફ શબ્દોમાં કહ્યું છે કે ભાજપ તેના જુના સાથી શિવ સેના સાથે હજુ પણ વાતચીત કરી શકે છે.આગામી સપ્તાહમાં કેબિનેટ વિસ્તરણ વેળા કેટલાક નવા ચહેરાઓને તક આપવામાં આવે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૩૧મી ઓક્ટોબરના દિવસે કેબિનેટ સ્તરના આઠ અને રાજ્યમંત્રી સ્તરના બે પ્રધાનોએ શપથ લીધા હતા. મુખ્યપ્રધાન ફડનવીસે એવા અહેવાલને રદિયો આપ્યો છે કે ભાજપ અને શિવ સેના વચ્ચે ચાલી



રહેલા મતભેદને દુર કરવા માટે આરએસએસના વડા મોહન ભાગવત ભૂમિકા અદા કરશે.મોહન ભાગવત મધ્યસ્થી કરશે તેવા મિડિયા અહેવાલને રદિયો આપતા ફડનવીસે કહ્યું હતું કે આ અહેવાલ આધારવગરના છે તો કોઈ વાસ્તવિકતા નથી.ફડનવીસે કહ્યું હતું કે સંઘ પ્રમુખના શિવ સેના સાથે વાતચીતથી કોઈ લેવા દેવા નથી. જો કે તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે શિવ સેના સાથે વાતચીતના બારણા હજુ પણ બંધ થયા નથી. જુના સાથી મિત્રો સાથે ભાજપ વાતચીત કરી શકે છે. દરમિયાન મુંબઈમાં વાતચીત દરમિયાને કેન્દ્રિય પ્રધાન અને શિવ સેનાના સાંસદ અનંત ગીતેએ કહ્યું હતું કે તેમની પાર્ટી તેમને કેબિનેટમાં પરત બોલાવશે નહી. ભાજપ અને શિવ સેના વચ્ચેના સંબંધો ચૂંટણી પહેલા બેઠકોની વહેચણીને લિને તુટી ગયા હતા.



ભારતના લીજેન્ડ ક્રિકેટર અને રાજયસભાના સાંસદ સચિન તેંડુલકરનું તેમણે સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ દત્તક લીધેલ પુટ્ટામાર્જુ કન્દ્રિકા ગામે ગ્રામવાસીઓ દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## જીએસટી બિલ સંસદના શિયાળુ સત્રમાં રજુ થશે : જેટલીની ખાતરી

નવી દિલ્હી,તા.૧૭

ભારતની પરોક્ષ સુધારા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાના હેતુસર નાણાં મંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર સંસદના શિયાળું સત્રમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) રજુ કરશે. નાણાં મંત્રીએ સીટી બેંક ઈન્વેસ્ટર સમિટમાં આ મુજબની જાહેરાત કરી હતી. પ્રધાને કહ્યું હતું કે, એક મહિના લાંબા સંસદના શિયાળુ સત્રમાં અન્ય ઘણા મુદ્દાઓ પણ રજુ કરવામાં આવશે જેમાં જીએસટીનો પણ સમાવેશ થાય છે. ગયા સપ્તાહમાં જ દિલ્હીમાં જીએસટી અંગે રાજ્યોના નાણાંપ્રધાનોને એમપાવર્ડ કમીટીની મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં આશા વ્યક્ત કરવામાં આવી હતી કે, નવી કરવેરા વ્યવસ્થા પહેલી એપ્રિલ ૨૦૧૬થી અમલી બનાવી દેવામાં આવશે. ચાવીરૂપ જોગવાઈઓને લઈને કેન્દ્ર સરકાર સાથે મતભેદની સ્થિતિ હોવા છતાં જીએસટીને અમલી બનાવવાની દિશામાં પગલા લેવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા કમીટીને લેખિતમાં ઘણી બધી સુચનાઓ આપી છે. જેના ભાગરૂપે જીએસટી કરવેરા માટે થ્રેસોલ વાર્ષિક ટર્નઓવર માટેની મર્યાદા ૧૦ લાખથી વધારીને ૨૫ લાખ કરવાની વાત કરવામાં આવી છે. ઓગસ્ટ મહિનામાં કમીટીએ આને લઈને રજુઆતો કરી હતી. ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા અને દેશમાં બિઝનેસ માહોલને સુધારવાના હેતુસર આ પગલા લેવામાં આવ્યા છે. જીએસટી બિલને સંસદના બન્ને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતી સાથે પસાર કરવાની જરૂરીયાત રહેલી છે. ૨૯ રાજ્યો અને અન્ય કેટલાક કાયદાકીય નિષ્ણાંતો દ્વારા આને સમર્થન આપવામાં ખચકાટની સ્થિતિ રહેલી છે. જીએસટીના મુદ્દે છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હોવા છતાં આને અમલી બનાવવાને લઈને સફળતા મળી નથી.

## બદૌન પ્રકરણમાં સીબીઆઈ ટુકમાં અહેવાલ તૈયાર કરશે

નવી દિલ્હી,તા. ૧૭

ઉત્તરપ્રદેશના બદૌન જિલ્લામાં બે યુવતિઓ દ્વારા આત્મહત્યા કરવાના મામલે સીબીઆઇ તપાસ પૂર્ણ કરવા આવી છે. સીબીઆઇના અધિકારીઓએ કહ્યું છે કે તેમની ફિલ્ડ, ફોરેન્સિક અને ટેકનિકલ તપાસને પૂર્ણ કરી લેવામાં આવી છે. તપાસ ટીમ હવે આ સપ્તાહમાં મળશે, જેમાં અહેવાલને પૂર્ણ કરવાના પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે તપાસની વિગત હાલમાં જાહેર કરવામાં આવશે નહી પરંતુ તપાસ પૂર્ણ થવા આવી છે. સીબીઆઇ દ્વારા માતાપિતાની ભૂમિકા, મુખ્ય સાક્ષીઓની જુબાની અને હત્યામાં અન્ય લોકોની ભૂમિકામાં તપાસ કરવામાં આવી હતી. જો કે હત્યારા અંગે ઓવખ આપવામાં આવી નથી. સીબીઇ દ્વારા બે યુવતિ પર રેપની શક્યતા નકારી કાઢી હતી. સાથે સાથે પાંચ શકમંદ પપ્પુ, અવધેશ ઉર્વેશ યાદવ તેમજ કોન્સ્ટેબલ ચન્દ્રપાલ યાદવ અને સરવેશ યાદવને ક્લીન ચીટ આપી હતી. અગાઉ સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં સીબીઆઇ દ્વારા લાઇ ડિટેક્શન ટેસ્ટ અને અન્ય ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં મુળભૂત ફરિયાદ કરતા નવી વિગત સપાટી પર આવી હતી. સીબીઆઇને જાણવા મળ્યું હતું કે કેટલીક બાબતોમાં વધારે તપાસની જરૂર છે. મૂળભૂત ફરિયાદ અને અન્યોની રજૂઆતમાં ભારે વિરોધાભાસની સ્થિતી રહી હતી.

## લગ્નને લગતા કાયદા વધારે મહિલાલક્ષી કરવાની તૈયારી

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકાર લગ્ન સાથે સાંબંદિત કાયદાને વદારે મહિલાલક્ષી બનાવવા માટેની દિશામા ંઆગળ વધી રહી છે. બન્ને પક્ષોને લગ્નની લાઇફમાં આવતી તકલીફને લઇને છુટાછેડાની અરજી દાખલ કરવાની જોગવાઇ ધરાવનાર બિલને સંસદમાં રજૂ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. કાયદા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે મંત્રાલય દ્વારા લગ્ન કાયદા (સુધાર) બિલ પર કેબિનેટનો મુસદ્દો તૈયાર કરી લેવામાં આવ્યો છે. આ મુસદ્દાની નોધને હવે મંત્રાલય વચ્ચે તેમના અભિપ્રાય માટે મુકી દેવામાં આવશે. તમામના અભિપ્રાય મેળવી લેવામાં આવ્યા બાદ ભાવિ યોજના તૈયાર કરવામાં આવશે.


આ સંબંધમાં પ્રતિક્રિયા મળ્યા બાદ ાકાયાદા પ્રધાન ડીવી સદાનંદ ગૌડા આ પ્રસ્તાવને અંતિમ મંજૂરી અપાવવા માટે કેન્દ્રિય પ્રધાનમંડળની સામે આને રજૂ કરશે. મુસદ્દામાં કેટલીક મહત્વપૂર્ણ બાબતો રજૂ કરવામાં આવી છે. મુસદ્દા મુજબ લગ્નને લગતા કાયદામાં કેટલાક સુધારા સુચિત કરવામાં આવ્યા છે. લગ્ન અંગેના કાયદાને વધારે મહિલા લક્ષી બનાવી દેવામાં આવશે. આ મુસદ્દામાં છુટાછેડાના મામલે પતિની સંપત્તિમાંથી પત્નિ અને બાળકોને પુરતી વળતરની રકમનો સમાવેશ થાય છે. દેશભરમાં તાજેતરમાં છુટાછેડાના બનાવો વધી રહ્યા છે

## બંગાળ માં એક કરોડ સભ્યો નોંધવા ભાજપની હિલચાલ

નવી દિલ્હી,તા.૧૭

દેશના જુદા-જુદા ભાગોની સાથે-સાથે હવે પશ્ચિમ બંગાળમાં પણ ભાજપે પોતાની સ્થિતિને મજબુત કરવા માટે કમરકસી લીધી છે. ભાજપે પશ્ચિમ બંગાળમાં એક કરોડ સભ્યોની નોંધણી કરવાની યોજના તૈયાર કરી છે. પહેલી નવેમ્બરના દિવસે શરૂ કરવામાં આવેલી મેમ્બરશીપ ઝુંબેશ માટે ભાજપે તેના ટાર્ગેટને બે ગણો કર્યો છે. ૫૦ લાખથી વધારીને તેને ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી એક કરોડ સભ્યોની નોંધણી કરવાનો નિર્ણય કર્યો છે. આક્રમક દેશવ્યાપી સભ્ય નોંધણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં વર્ષ ૨૦૧૬માં યોજાનાર વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં લઈને આ તૈયારી કરવામાં આવી છે.

મિશન બંગાળ માટે એક્શન યોજના તૈયાર કરી લેવામાં આવી છે. હાલમાં જ ભાજપના પ્રમુખ અમિત શાહના નેતૃત્વમાં આ બેઠક યોજાઈ હતી. જેમાં બંગાળ એકમના વડા રાહુલ સિંહા અને રાજ્યના




ઈન્ચાર્જ સિદ્ધાર્થનાથ જોડાયા હતા. પક્ષ દ્વારા ૩૦મી નવેમ્બરના દિવસે ૨૦૧૬માં વિધાનસભા ચુંટણી માટે પ્રચારની શરૂઆત થશે. તે વખતે અમિત શાહ કોલકત્તામાં એક રેલીને સંબોધશે જો પરવાનગી નહીં મળે તો ભાજપ કોર્ટમાં જશે અને આને મોટો મુદ્દો બનાવવાનો પ્રયાસ કરશે. સિંહાને બંગાળમાં એક કરોડ સભ્યોની નોંધણી કરવાની જવાબદારી સોંપવામાં આવી નથી. બલ્કે રાજ્યભરમાં બુથસ્તરની મોનીટરીંગ કમીટી સ્થાપિત કરવાની સુચના પણ આપવામાં આવી છે. બંગાળમાં ભાજપ હાલ નેટવર્ક નાનુ ધરાવે છે પરંતુ અન્ય પક્ષોના ગઢમાં ગાબડા પાડવાની શરૂઆત કરી દીધી છે. પશ્ચિમ બંગાળ રાજકીય હિંસાના ઈતિહાસ માટે જાણીતું છે.અહીં બુથ લેવલની મોનીટરીંગ કમીટી બનાવવી સરળ નથી. ભાજપ ૨૦૧૬માં યોજનાર વિધાનસભા ચુંટણી માટે સંપૂર્ણપણે તૈયાર છે.

## હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

‘શેળો સાપને મારી નાંખે. એ તો ખરું પણ સાપ કરડે તો તેની અસર શેળાને ન થાય.’ મનહર ભાઈએ આશ્ચર્યથી પુછ્યું.

‘ના, ઝેરી સાપ કરડે તો તેની અસર આ પ્રાણીને થતી નથી. કારણ કે તેના સ્નાયુમાં ઈરિનાસન નામનું પ્રોટિન હોય છે. શેળાના શરીર પરના કાંટા પોલાવાળ હોય છે. જે કેરાટિનના બનેલા હોય છે. તે ઝેરી પણ હોતા નથી.’ મેં વાત કરી.

‘શેળો આવો નાનકડો જ હોય? તેનું આયુષ્ય કેટલું હોતું હશે?’ મનહર ભાઈને શેળામાં રસ પડ્યો હોય એવું મને લાગ્યું.

શેળો ભલે નાનો લાગતો હોય તેની લંબાઈ ૧૫થી ૨૦ સે.મી. અને વજન ૩૦૦થી ૪૫૦ ગ્રાણ જેટલું હોય છે. શેળાનું આયુષ્ય ચારથી પાંચ વર્ષ જેટલું ગણવામાં આવે છે. આપણા ગુજરાતમાં જોવા મળતો આ શેળો કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતના ઘણા વિસ્તારોમાં જોવા મળે છે. તે પથ્થરની બખોલ કે દરમાં રહે છે. સૂકાં પાંદડા, ડાળીઓ કે પોલા થડ, કે જમીનનાં નાના દર જાતે ખોદીને પણ રહે છે. તેના નાના નાના પગથી ધીમે ધીમે ચાલતું આ પ્રાણી ગબડતું હોય તેવું લાગે છે. ભય જણાય તો ઝડપથી દોડે છે અને પકડાઈ જાય તો તેનું મોઢું અને પેટનો ભાગ છુપાવી ફક્ત કાંટા બહારની તરફ રહે તે રીતે ગોળ દડાની જેમ પડ્યું રહે છે. પાણીમાં તરી શકવાની કુશળતા પણ એ ધરાવે છે. તે એક સાથે પાંચ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાં પાંચ અઠવાડિયા સુધી માના દુધ પર આધાર રાખે છે.

‘તમે તો શેળાને ખુબ જ નજીકથી જોયો હશે ખરૂં ને?’

હાં, શેણાને નજીકથી જોતાં મેલા પડતા કથ્થાઈ રંગનો તેનો ચહેરો હોય છે. જે નાનો અને ત્રિકોણાકારનો જોવા મળે છે. ભૂખરાં-સફેદ કાંટા જેવા વાળ તેના કપાળ અને ગાલની ઉપરના ભાગે ઢંકાયેલા હોય છે. નાના કાન અને નાના ચાર પગ અને નહોરવાળું આ નાનું પ્રાણી શરીર ધરાવે છે. માથાના ભાગેથી શરૂ થયેલા કાંટા પીઠ તથા ઉપરના ભાગે છેક પાછળ સુધી હોય છે. કાંટાની અણીવાળો ભાગ ક્રીમ રંગનો હોય છે. આંખો અને કાન વિકસીત હોય છે. પુંછડી ટૂંકી હોય છે.

‘આ તો જબરું કહેવાય હોં, મારે તેને શોધીને બરાબર જોવો પડશે.’

અમારી આ વાત ચાલતી હતી ત્યાં દિલીપ દવે આવી ગયા. તેમને કહ્યું કે સેટ તૈયાર થઈ ગયો છે. સૂર્ય મહારાજ તેમની કૃપા વરસાવે તે પહેલાં શરૂ થઈ જાય તો સારું. એટલે મનહર ભાઈ તરત સ્મિત વેરી તેમની સાથે જવા તૈયાર થયા જતાં જતાં કહ્યું.

‘તમને મળી ને બહુ મજા આવી. ઘણું નવું નવું જાણવા મળ્યું. બાકી તો, મુંબઈ જેવા મહાનગરમાં રહેતાં એમ લાગે છે કે કુદરતની જોજનો દૂર જતા રહ્યા છીએ.’

‘ચાલો ફરી મળીશું.’

‘ભલે... તમે... ગાઓ તે સાંભળવા જ હું તો આજે આ તરફ આવ્યો છું.’

‘તો આવોને મારી સાથે. તમે સામે બેસજો તો મને પણ મજા આવશે.’

‘ભલે...’ હું તેમની સાથે ચાલવા લાગ્યો. અહીં પગથિયાં જેવો બગીચો છે. જેમ ઉપરના ભાગે શૂટીંગ થવાનું હતું. સામે વનરાજી અને સાબરમતી નદીનું દૃશ્ય વિહંગમ લાગતું હતું. મનહર ઉધાસે ગઝલ શરૂ કરી.

‘શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી જોઈ હતી.’

ત્યાં દૂર આમ્રઘટામાં કોયલનો ટહુકાર સંભળાવા લાગ્યો, વાતાવરણ આખું ગઝલમય બની રહ્યું હતું. હું મંત્રમુગ્ધ થઈ કયાંય સુધી સાંભળતો રહ્યો.

(ક્રમશ:)

## સમાચાર ઝલક

- હિન્દી ભાષા સામાજિક અને સાંસ્કૃતિક એકતાનું પ્રતિક : રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી.
- ૨૧૦૫ સુધીમાં નવી શિક્ષણ નિતી ઘડાશે : સ્મૃતિ ઈરાની.
- ગુજરાત સરકાર કર્મચારીઓ માટે સી.આર.ને બદલે પી.એ.આર. પદ્ધતિ અમલી બની.
- હવેથી ફીક્સ ડીપોઝીટ પર કરદાતાઓને ફિક્સ વ્યાજ મળશે.
- મણિનગરમાં આતંક ફેલાવનાર શખ્સનું જેલમાં મોત નીપજયું.
- આર્થિક નબળા રાજયો પણ શેરબજારમાં રોકાણ કરવામાં આગળ.
- દિવાળી બાદ નવા વર્ષના પ્રારંભથી જ સતત ઙ્ઠી વખત ખાનગી ગોળીબારની ઘટના રાજકોટમાં બની.
- ઈન્ડોનેશિયન ટાપુમાં ભુકંપ, સુનામીની શકયતાઓ.
- જી-૨૦ની બેઠક અધુરી છોડી જતા રશિયન પ્રમુખ યુતિન.
- ઈઝરાયેલ અને વેલેસ્ટાઈન સમજુતી માટે તૈયાર.
- લંડનમાં ૧૧ કલાક શબઘરમાં શબ પડી રહ્યા બાદ ૯૧ વર્ષના દાદીમા જીવતા થયા.
- દરિયાકાંઠાની સુરક્ષા માટે સરકાર એલર્ટ-મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ.